

● *પ્રેસનોટ તા.૨૭/૦૪/૨૦૨૨* ●

*બાબરા પો.સ્ટે., વિસ્તારનાં હાથીગઢ ગામેથી ૬ (છ) જુગાર રમતા શકુનીઓને રોકડ રકમ, તથા મોબાઇલ, સહિત અન્ય મુદ્દામાલ મળી કુલ કિ.રૂા.૧,૧૧,૬૪૦/- ના મુદ્દામાલ સાથે ઝડપી પાડતી અમરેલી એસ.ઓ.જી.ટીમ*

* શ્રી પોલીસ મહનિરીક્ષકશ્રી ભાવનગર વિભાગ, ભાવનગરનાઓની સુચનાં અને માર્ગદર્શન હેઠળ, અમરેલી પોલીસ અધિક્ષક શ્રી સાહેબ* નાઓ દ્વારા જીલ્લામાંથી જુગારની બદીને સદંત્તર નેસ્ત નાબુદ કરવા સતત પ્રયત્નશીલ રહેલ હોય, અને આવા જુગાર રમતા ઇસમો ઉપર વોચ ગોઠવી, તેમના ઉપર સફળ રેઇડો કરવા જરૂરી સુચનાં અને માર્ગદર્શન આપેલ હોય, જે અન્વયે બાબરા પો.સ્ટે., વિસ્તારમાં એ.ટી.એસ. ચાર્ટર લગત કામગીરી સબંધે પેટ્રોલીંગમાં હતા દરમિયાન ખાનગી બાતમીરાહે હકિકત મળેલ કે, હાથીગઢ ગામની સીમમાં પરશોતભાઇ હરખાભાઇ પાનસુરીયાની વાડીના સેઢે આવેલ ખારામાં લીમડાનાં ઝાડ નીચે જાહેરમાં કેટલાંક ઇસમો ગોળ કુંડાળુ વળીને પૈસા પાના વડે હાર-જીતનો જુગાર રમે છે તેવી ચોક્કસ બાતમી આધારે *અમરેલી એસ.ઓ.જી.પો.સ.ઇ.શ્રી એસ.આર.શર્મા તથા એસ.ઓ.જી.ટીમે* બાતમી વાળી જગ્યાએ રેઇડ કરતા છ ઈસમોને જુગાર રમતા ઝડપી પાડવામાં સફળતા મળેલ છે.

*રેઇડ દરમ્યાન પકડાયેલ ઇસમો*

(૧) પરશોતમભાઇ હરખાભાઇ પાનસુરીયા, ઉવ.૫૦., ધંધોખેતી., રહે.હાથીગઢ,તા .બાબરા. જી.અમરેલી.

(૨) નિલેશભાઇ હંસરાજભાઇ ધોરી, ઉવ.૪૫., ધંધોરસોઇકામ., રહે.કેરીયા નાગસ, સ્વામીનારાયણનાં મંદિર સામે તા .જી.અમરેલી.

(૩) જયસુખભાઇ ભીમજીભાઇ મેતલીયા, ઉવ. ૪૮., ધંધોખેતી., રહે.મતીરાળા, સરમાળીયા પ્લોટ વિસ્તાર તાલાઠી., જીઅમરેલી..

(૪) હસમુખભાઇ ભીખાભાઇ સોજીત્રા ઉ.વ.૪૫, ધંધોખેતી ., રહે.વાંડળીયા, હનુમાન પરા, પ્લોટ વિસ્તાર, તાબાબરા., જીઅમરેલી..

(૫) જીવરાજભાઇ વલ્લભાઇ પાનસુરીયા, ઉવ.૫૧., ધંધોખેતી., રહે.હાથીગઢ, રામજી મંદિર, ચોરા પાસે, તાબાબરા., જીઅમરેલી..

(૬) રણજીતભાઇ વિક્રમભાઇ ડેર, ઉવ. ૪૨., ધંધોખેતી ., રહે.મોણપર, બસ સ્ટેશન પાસે, તાજી.અમરેલી.

*પકડાયેલ મુદામાલઃ-*

મજકુર પકડાયેલ ૬ (છ) એ ઇસમો હાથીગઢ ગામની સીમમાં પરશોતભાઇ હરખાભાઇ પાનસુરીયાની વાડીના સેઢે આવેલ ખારામાં લીમડાનાં ઝાડ નીચે જાહેરમાં કેટલાંક ઇસમો ગોળ કુંડાળુ વળીને પૈસા પાના વડે હાર-જીતનો જુગાર રમતા કુલ રોકડ રકમ *રૂા.૪૩,૧૪૦/-* તથા મોબાઇલ ફોન નંગ-૦૫, કિ.રૂા.૨૩,૫૦૦/- તથા બે મોટર સાયકલ કિ.રૂા.૪૫,૦૦૦/- તથા ગંજી પત્તાના પાના નંગ-૫૨, કિ.રૂા.૦૦/- એમ કુલ *કિ.રૂા. ૧,૧૧,૬૪૦/--* ના મુદામાલ સાથે ઝડપી પાડેલ, મજકુર પકડાયેલ ૬ (છ)એ ઈસમો વિરૂધ્ધ બાબરા પો.સ્ટે., માં ગુન્હો રજી. કરાવી આગળની ઘટતી કાર્યવાહી અર્થે સોપી આપેલ છે.

➹ આમ, *અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ* નાઓની સુચના અને માર્ગદર્શન મુજબ *એસ.ઓ.જી.* અમરેલીનાં *પો.સ.ઇ.શ્રી તથા *એસ.ઓ.જી.ટીમ*ને જુગાર રમતા છ ઈસમોને ઝડપી પાડવામાં સફળતા મળેલ છે.

પ્રેસ નોટ – તા.૨૮/૦૪/૨૦૨૨

<u>સાવરકુંડલા તાલુકાના કૃષ્ણગઢ ગામની સીમમાંથી એક ઇસમને લાયસન્સ વગરની દેશી બનાવટની જામગરી બંદુક (અગ્નિશસ્ત્ર) સાથે પકડી પાડતી અમરેલી એલ.સી.બી.</u>

અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબનાઓએ અમરેલી જિલ્લાના નાગરિકો ભયમુક્ત રીતે જીવન જીવી શકે અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઇ રહે, તે માટે પેટ્રોલીંગ સઘન બનાવવા જરૂરી સુચના અને માર્ગદર્શન આપેલ હોય, જે અન્વયે અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ. તથા પો.સ.ઇ. નાઓની રાહબરી નીચે એલ.સી.બી.ટીમને આજ રોજ તા.૨૮/૦૪/૨૦૨૨ નાં રોજ પેટ્રોલીંગ દરમિયાન સાવરકુંડલા તાલુકાના કૃષ્ણગઢ ગામની સીમમાં એક ઇસમ ગેરકાયદેસર હથિયાર સાથે આંટા ફેરા મારતો હોવાની હકિકત આધારે એક ઇસમને લાયસન્સ વગરના પ્રાણઘાતક અગ્નિશસ્ત્ર જામગરી બંદુક સાથે પકડી પાડેલ છે.

➪ <u>પકડાયેલ આરોપીઃ-</u>

ધીરૂભાઇ જીણાભાઇ ઝીઝુવાડીયા, ઉ.વ.૫૦, રહે.મીતીયાળા, તા.સાવરકુંડલા, જિ.અમરેલી.

➪ <u>પકડાયેલ અગ્નિશસ્ત્રઃ-</u>

એક દેશી બનાવટની જામગરી બંદુક (અગ્નિશસ્ત્ર), કિં.રૂ.૧૦૦૦/-

પકડાયેલ ઇસમ પાસેથી મળી આવેલ અગ્નિશસ્ત્ર તેણે કોની પાસેથી મેળવેલ હતું, ક્યા કારણોસર સાથે રાખેલ હતું, આ અગ્નિશસ્ત્ર સાથે રાખીને તે કોઇ ગુનાને અંજામ આપવા જઇ રહેલ હતો કે કેમ ? વિ. મુદ્દાઓ અંગે આરોપીની પુછપરછ હાથ ધરવામાં આવેલ છે.

અગ્નિશસ્ત્ર સાથે પકડાયેલ ઇસમ વિરૂધ્ધ આર્મ્સ એક્ટ હેઠળ કાર્યવાહી કરી, આરોપી અને મુદ્દામાલ વધુ તપાસ અર્થે સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

આ કામગીરી અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબની સુચના અને માર્ગદર્શન હેઠળ શ્રી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ. એલ.સી.બી. અમરેલી તથા પો.સ.ઇ. તથા એલ.સી.બી. ટીમ દ્વારા કરવામાં આવેલ છે.

પ્રેસ નોટ તા.૨૮/૦૪/૨૦૨૨*

*ફેસબુક પર હથિયારો (ફાયર આર્મ્સ) સાથેના ફોટા વાયરલ કરનાર ઇસમો તથા લાયસન્સ વગરની દેશી બનાવટની જામગરી બંદૂક (અગ્નિશસ્ત્ર) રાખનાર ઇસમ સહિત ચાર ઇસમોને પકડી પાડતી એલ.સી.બી. અમરેલી.*

તાજેતરમાં યુવા વર્ગમાં હથિયારો સાથેના પોતાના ફોટોગ્રાફ્સ સોશિયલ મિડીયામાં વાયરલ કરીને પોતાનું વર્ચસ્વ તથા રોફ જમાવવાની મનોવૃત્તિ જોવા મળે છે. આ પ્રકારની પ્રવૃત્તિથી જાહેર જનતામાં ભય કે ઉત્સુક્તાનું વાતાવરણ ફેલાતું હોય છે.

*ભાવનગર રેન્જ આઇ.જી.પી. શ્રી. સાહેબ* નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાં ગેરકાયદેસર હથિયારો સાથેના ફોટોગ્રાફ સોશિયલ મિડીયા પર અપલોડ કરનાર ઇસમો સામે કાર્યવાહી કરવા સુચના આપેલ હોય, *અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ* નાઓએ સોશિયલ મિડીયા પર સર્વેલન્સ રાખી, આ પ્રકારે જાહેર જનતામાં ભયનું વાતાવરણ ઉભું કરતા ઇસમો તથા ગેરકાયદેસર હથિયાર (અગ્નિશસ્ત્ર) રાખનાર ઇસમો સામે ધોરણસર કાર્યવાહી કરવા માટે અમરેલી પોલીસને જરૂરી સુચના અને માર્ગદર્શન આપવામાં આવેલ.

*અમરેલી એલ.સી.બી. ઇ.ચા. પો. ઇન્સ.શ્રી તથા પો.સ.ઇ. શ્રી. તથા એલ.સી.બી. ટીમ* દ્વારા સોશિયલ મિડીયા પર સતત સર્વેલન્સ રાખવામાં આવેલ અને (૧) યોગેશ દુલાભાઇ પાટડીયા (૨) રાહુલ ઉર્ફે લંકેશ કેશુભાઇ આંકોલીયા રહે.બન્ને વંડા, તા.સાવરકુંડલા વાળાઓ દ્વારા ફેસબુક સોશિયલ મિડીયા પર હથિયાર સાથેના ફોટોગ્રાફ્સ અપલોડ કરવામાં આવતાં, બંને ઇસમોને સામે ધોરણસર કાર્યવાહી હાથ ધરવા તપાસ તજવીજ કરતા, ઉપરોકત બન્ને ઇસમોને હસ્તગત કરી હથિયાર બાબતે પુછ પરછ દરમ્યાન આ હથિયાર પોતાના સબંધી બાલાભાઇ જગાભાઇ મોલડીયા રહે.મીતીયાળા, તા.સાવરકુંડલા જી.અમરેલી વાળાનુ પરવાનાવાળુ હથિયાર હોવાનું અને તેની પાસેથી મેળવી ફોટાગ્રાફ પાડી, ફેસબુક ઉપર અપલોડ કરેલ હોવાનું જણાવતા હોય, જે ત્રણેય આરોપીઓ વિરૂધ્ધ હથિયાર ધારા ભંગ બદલ કાર્યવાહી કરવામાં આવેલ છે તેમજ સાવરકુંડલા તાલુકાના કૃષ્ણગઢ ગામની સીમમાંથી એક ઇસમને લાયસન્સ વગરના પ્રાણઘાતક અગ્નિશસ્ત્ર જામગરી બંદૂક સાથે પકડી પાડવામાં આવેલ છે.

*ફેસબુક પર હથિયાર સાથે ફોટોગ્રાફ્સ અપલોડ કરનાર ઇસમો તથા હથિયાર આપનાર ઇસમઃ-*

(૧) યોગેશ દુલાભાઇ પાટડીયા, ઉ.વ.૨૭, રહે.વંડા, કોળી વાડ તા.સાવરકુંડલા

(૨) રાહુલ ઉર્ફે લંકેશ કેશુભાઇ આંકોલીયા, ઉ.વ.૨૪, રહે.વંડા, કોળીવાડ તા.સાવરકુંડલા, જી.અમરેલી.

(૩) બાલાભાઇ જગાભાઇ મોલડીયા, ઉ.વ.૫૨ ર૮હે.મીતીયાળા, તા.સાવરકુંડલા, જિ.અમરેલી.

*દેશી બનાવટની જામગરી બંદૂક (અગ્નિશસ્ત્ર) સાથે પકડાયેલ ઇસમ તથા કબ્જે કરેલ હથિયારઃ-*

ધીરૂભાઇ જીણાભાઇ ઝીઝુવાડીયા, ઉ.વ.૫૦, રહે.મીતીયાળા, તા.સાવરકુંડલા, જિ.અમરેલી વાળાને *એક દેશી બનાવટની જામગરી બંદૂક (અગ્નિશસ્ત્ર), કિં.રૂ.૧૦૦૦/-* સાથે પકડી પાડેલ છે.

અગ્નિશસ્ત્ર સાથે પકડાયેલ ઇસમો વિરૂધ્ધ આર્મ્સ એક્ટ હેઠળ કાર્યવાહી કરી, આરોપીઓ અને મુદ્દામાલ વધુ તપાસ અર્થે *સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશન* માં સોંપી આપેલ છે.

આ કામગીરી *અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હ સાહેબ* નાઓની સુચના અને માર્ગદર્શન મુજબ *અમરેલી એલ.સી.બી. ઇ.ચા. પો. ઇન્સ.શ્રી તથા પો.સ.ઇ. શ્રી. તથા એલ.સી.બી. ટીમ* દ્વારા કરવામાં આવેલ છે.

● *પ્રેસનોટ તા.૨૯/૦૪/૨૦૨૨* ●

➪ ફેસબુક પર હથિયારો (ફાયર આર્મ્સ) સાથેના ફોટા વાયરલ કરનાર ઇસમ સામે કાર્યવાહી હાથ ધરતી અમરેલી એસ.ઓ.જી.ટીમ.

➪ તાજેતરમાં યુવા વર્ગમાં હથિયારો સાથેના પોતાના ફોટોગ્રાફ્સ સોશ્યલ મિડીયામાં વાયરલ કરીને પોતાનું વર્ચસ્વ તથા રોફ જમાવવાની મનોવૃત્તિ સોશ્યલ મીડીયાનાં માધ્યમથી જોવા મળેલ છે. આ પ્રકારની પ્રવૃત્તિથી જાહેર જનતામાં ભય કે ઉત્સુક્તાનું વાતાવરણ ફેલાતું હોય છે.

➪ અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ, નાઓએ જીલ્લામાં બનતા ગંભીર પ્રકારનાં ગુન્હાઓ અટકાવવા તેમજ ગેર કાયદેસર હથિયાર ધરાવતા ઇસમોને ત્તાત્કાલીક પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવા તથા સોશ્યલ મિડીયા પર સર્વેલન્સ રાખી, આ પ્રકારે ગેરકાયદેસર હથિયારો સાથેના ફોટોગ્રાફ સોશિયલ મિડીયા પર અપલોડ કરી, જાહેર જનતામાં ભયનું વાતાવરણ ઉભું કરતા ઇસમો સામે ધોરણસર કાર્યવાહી કરવા માટે અમરેલી પોલીસને જરૂરી સુચના અને માર્ગદર્શન આપવામાં આવેલ. જે અન્વયે એસ.ઓ.જી.શાખાના પો.સ.ઇ. શ્રી તથા એસ.ઓ.જી.ટીમ, દ્વારા સોશ્યલ મિડીયા પર સતત સર્વેલન્સ રાખવામાં આવેલ અને અમરેલી જિલ્લાના એક ઇસમો દ્વારા ફેસબુક સોશ્યલ મિડીયા પર હથિયાર સાથેના ફોટોગ્રાફ્સ અપલોડ કરવામાં આવતાં, મજકુર ઇસમ સામે ધોરણસર કાર્યવાહી હાથ ધરવા તપાસ તજવીજ શરૂ કરવામાં આવેલ છે અને હથિયારો સાથેના ફોટોગ્રાફ સોશ્યલ મિડીયા પર અપલોડ કરી, જાહેર જનતામાં ભયનું વાતાવરણ ઉભું કરતા ઇસમો સામે ચેતવણીરૂપ કામગીરી કરવામાં આવેલ છે.

✨ ફેસબુક પર હથિયાર સાથે ફોટોગ્રાફ્સ અપલોડ કરેલ ઇસમ ✨

(૧) હિતેષભાઇ વીરાભાઇ બાબરીયા, રહે.બગસરા, નદિપરા તા.બગસરા, જી.અમરેલી.

➪ આમ, *અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ,* નાઓની સુચનાં તથા માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી. *પો.સ.ઇ., શ્રી તથા *એસ.ઓ.જી. ટીમ* દ્વારા, ફેસબુક પર હથિયારો (ફાયર આર્મ્સ ) સાથેના ફોટા વાયરલ કરનાર ઇસમને ઝડપી પાડવામાં સફળતા મળેલ છે.



●<u>*પ્રેસનોટ તા.૩૦/૦૪/૨૦૨૨*</u>●

*પીપાવાવ મરીન પો.સ્ટે. વિસ્તારનાં અનડીટેક્ટ ઘરફોડ, ચોરીના ગુન્હાના આરોપીઓને ગણતરીની કલાકોમા ઝડપી પાડતી અમરેલી એસ.ઓ.જી.ટીમ*

* શ્રી પોલીસ મહાનિરીક્ષકશ્રી ભાવનગર વિભાગ, ભાવનગરનાઓની સુચનાં અને માર્ગદર્શન હેઠળ, અમરેલી પોલીસ અધિક્ષક શ્રી સાહેબ,* દ્વારા અમરેલી જિલ્લામાં અગાઉ બનેલ ઘરફોડ ચોરીનાં ગુન્હાઓ કે જે અનડીટેક્ટ રહેવા પામેલ હોય, તેવા ગુન્હાઓનો ઉંડાણપુર્વક અભ્યાસ કરી આવા ગુન્હાઓનો ડીટેક્ટ કરી ચોરીમાં ગયેલ મુદ્દામાલ રીકવર કરી તેનાં મુળ માલીકને ચોરીમાં ગયેલ મુદ્દામાલ સહી સલામત મળી રહે, અને આવા ઘરફોડ ચોરી કરતા ઈસમોને સત્વરે પકડી જેલ હવાલે કરવા જરૂરી સુચના અને માર્ગદર્શન આપેલ હોય, જે અન્વયે તા.૩૦/૦૪/૨૦૨૨ ના રોજ એસ.ઓ.જી પો.સ.ઈ. તથા એસ.ઓ.જી ટીમ પિપાવાવ મરીન પો.સ્ટે., વિસ્તારમાં કોસ્ટલ પેટ્રોલીંગમાં હતા દરમિયાન ટેક્નિકલ સોર્સ મારફતે હકિકત મળેલ કે, પિપાવાવ મરીન પો.સ્ટે.,નાં ગુન્હા નં.-111930045220189/2021 ઇ.પી.કો.કલમ-380, 454, 457, વિ.મુજબનો ગુન્હો અનડીટેક્ટ હોય, અને સદરહું ગુન્હો શોધી કાઢવા સતત પ્રયત્નશીલ રહેલ હોય, જે અનુસંધાને સદરહું ગુનામાં સંડોવાયેલ આરોપીઓ રાજુલા ખાતે આવેલ હીંડોરડા રોડ પાસે છુપી રીતે બેસેલ હોવાની ખાનગી બાતમી હકિકત મળેલ જે અન્વયે મળેલ ખાનગી બાતમી વર્ણન વાળા ઈસમોને ઝડપી પાડેલ અને મજકુરની પુછપરછ દરમિયાન ઉપરોક્ત ગુનો પોતે આચરેલની કબુલાતા આપેલ છે.

<u>*પકડાયેલ આરોપીઓ*</u>

(૧) અશોકભાઇ કડવાભાઇ સોલંકી, ઉવ.૩૫, રહે.રાજુલા, ભગવતીપરા, જી.અમરેલી

(૨) હરેશભાઇ પુનાભાઇ રાઠોડ, ઉવ.૨૧, રહે.હીંડોરણા, વૃંદાવાન હોટલ પાછળ, તા.રાજુલા, જી.અમરેલી.

(૩) ભીખુભાઇ સોમાભાઇ ચૌહણ ઉવ.૩૦, રહે.ખાંભા, ભગવતીપરા, તા.ખાંભા, જી.અમરેલી

(૪) ભરતભાઇ કનુભાઇ દેવીપુજક રહે.લોઠપુર, કોવાયારા રોડ શ્યામવાડી પાસે, તા.રાજુલા, જી.અમરેલી.

<u>પકડવાનાં બાકી રહેલ આરોપીઓ</u> ઃ-

(૧) સાગરભાઇ દેવીપુજક રહે.લોઠપુર, કોવાયા રોડ, શ્યામવાડી પાસે, તા.રાજુલા, જી.અમરેલી.

(૨) રાજુભાઇ દેવીપુજક, રહે. લોઠપુર, કોવાયા રોડ, શ્યામવાડી પાસે, તા.રાજુલા, જી.અમરેલી.

મજકુર પકડાયેલ આરોપી વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી કરી, પકડાયેલ આરોપીઓને વધુ તપાસ અર્થે પિપાવાવ મરીન પો.સ્ટે., ખાતે સોંપી આપેલ છે.

આમ, *પોલીસ અધિક્ષકશ્રી સાહેબ*ની સુચના અને માર્ગદર્શન મુજબ પિપાવાવ મરીન પો.સ્ટે., વિસ્તારનાં અનડીટેક્ટ ઘરફોડ ચોરીનાં ગુન્હાનાં આરોપીઓને ગણતરીની કલાકોમાં પકડી પાડવામાં અમરેલી એસ.ઓ.જી.નાં પો.સ.ઇ.શ્રી, તથા એસ.ઓ.જી.ટીમને સફળતા મળેલ છે.

## પ્રેસ નોટ તા.૩૦/૦૪/૨૦૨૨

## ડમ્પરની ચોરી કરનાર ઇસમને ડમ્પર કિં.રૂ.૨,૫૦,૦૦૦/- સાથે પકડી પાડતી અમરેલી એલ.સી.બી.

⇨ ગુનાની વિગતઃ-

ગઇ તા.૧૨/03/૨૦૨૨ ના રોજ અમરેલી એલ.સી.બી દ્વારા મહિપત દીલુભાઇ વાળા રહે. વાકીયા, તા.જિ.અમરેલીવાળાને પોતાના ડમ્પર રજી.નં. GJ-04-U-9855 માં રેતી ચોરી કરતા પકડી પાડી, ડમ્પર કિ.રૂ.૨,૫૦,૦૦૦/-નું કબ્જે કરી, આરોપી વિરૂધ્ધ અમરેલી તાલુકા પો.સ્ટે. પાર્ટ એ ગુ.ર.નં. ૧૧૧૯૩૦૦૪૨૨૦૨૮૯/૨૦૨૨ આઇ.પી.સી.કલમ ૩૭૯ તથા એમ.એમ.ડી.આર ની કલમ ૨૧ મુજબ ગુનો રજી. કરાવેલ હતો અને આરોપી પાસેથી મળી આવેલ ડમ્પર અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનની ડસ્ટડી હેઠળ પોલીસ હેડ કવાર્ટર કંપાઉન્ડમાં રાખવામાં આવેલ હતુ. જે ડમ્પર રજી નં. GJ-04-U-9855 કિં.રૂ.૨,૫૦,૦૦૦/- નું આરોપી મહિપત દિલુભાઇ વાળા રહે.વાંકીયા, તા.જિ.અમરેલી વાળો તા.૨૫/૦૪/૨૦૨૨ નાં રોજ અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનની કસ્ટડીમાથી સંમત્તી વગર અને બદદાનતથી ચાવી વગર કોઇ પણ રીતે શરૂ કરી ચોરી કરી લઇ જઇ ગુનો કરેલ હોય, જે અંગે વાલેરાભાઇ સાવજભાઇ વણજર, અનાર્મ એ.એસ.આઇ. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશન નાઓ ફરિયાદ આપતાં, આરોપી વિરૂધ્ધ અમરેલી સીટી પો.સ્ટે. એ-પાર્ટ ગુ.રનં ૧૧૧૯૩૦૦૩૨૨૦૪૩૧/૨૦૨૨ આઇ.પી.સી. કલમ ૩૭૯ મુજબનો ગુનો રજી. થયેલ હતો.

ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાં બનતા મિલકત સબંધી ગુનાઓના આરોપીઓને પકડી પાડવા સુચના આપેલ હોય, અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબનાઓએ મિલકત સબંધી ગુનાઓના આરોપીઓને પકડી પાડી, ચોરીનો મુદ્દામાલ રીકવર કરવા માટેના સઘન પ્રયત્નો હાથ ધરવા સુચના અને માર્ગદર્શન આપેલ હોય, જે અન્વયે અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ.શ્રી પો.સ.ઇ.શ્રી તથા એલ.સી.બી. ટીમે બાતમી હકિકત આધારે ડમ્પર ચોરી કરનાર ઇસમને ડમ્પર સાથે પકડી પાડી, પકડાયેલ આરોપી તથા મુદ્દામાલ અમરેલી સીટી પો.સ્ટે. હવાલે કરેલ છે.

⇨ પકડાયેલ આરોપીઃ-
મહિપત દિલુભાઇ વાળા, ઉ.વ.૨૧, રહે.વાંકીયા, તા.જિ.અમરેલી.

⇨ કબ્જે કરેલ મુદ્દામાલઃ-

ડમ્પર રજી.નં. GJ-04-U-9855 કિ.રૂ.૨,૫૦,૦૦૦/-
⇨મહિપત દીલુભાઇ વાળાનો ગુનાહિત ઇતિહાસઃ-

આરોપી મહિપત દીલુભાઇ વાળા વિરૂધ્ધમાં છેલ્લા ત્રણ વર્ષમાં ખુનની કોશીષ, મારા મારી, છેડતી, ફરજમાં રૂકાવટ, પ્રોહીબિશન ધારા, ખનીજ ચોરી સહિતના નીચે મુજબના ગુન્હાઓ રજી. થયેલ છે.

(૧) અમરેલી તાલુકા પો.સ્ટે. ફ. ગુ.ર.નં.૪૨/૨૦૧૯, ઇ.પી.કો. કલમ ૩૪૧, ૨૯૪(ખ), ૫૦૪, ૩૯૩ મુજબ.

(૨) અમરેલી તાલુકા પો.સ્ટે. સે.ગુ.ર.નં.૨૩/૨૦૧૯, એમ.વી.એકટ કલમ ૧૮૫ મુજબ.

(૩) અમરેલી તાલુકા પો.સ્ટે. પ્રોહી. ગુ.ર.નં.૨૧૫/૨૦૧૯, પ્રોહી કલમ ૬૬(૧)બી મુજબ.

(૪) અમરેલી તાલુકા પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં.૨૧૬/૨૦૧૯, પ્રોહી કલમ ૬૬(૧)બી, ૬૫(એ)(ઇ) મુજબ.

(૫) અમરેલી તાલુકા પો.સ્ટે. સે.ગુ.ર.નં.૧૧૫/૨૦૧૯, ઇ.પી.કો. કલમ ૫૦૪, ૫૦૬(૨), જી.પી.એટક કલમ ૧૩૫ મુજબ.

(૬) અમરેલી તાલુકા પો.સ્ટે. ગુ.ર.નં.૪૪/૨૦૨૦, ઇ.પી.કો. કલમ ૩૫૪, ૩૫૪(એ)(ડી), ૩૪૧, ૫૦૯, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબ.

(૭) અમરેલી તાલુકા પો.સ્ટે. ગુ.ર.નં.૪૩૫/૨૦૨૦, ઇ.પી.કો. કલમ ૩૫૩, ૩૪૧, ૫૦૪, ૫૦૬(૨), ૨૬૯, ૨૭૦, ૧૮૮, ૧૧૪ તથા ધી એપેડેમીક એકટ ૧૮૯૭ ની કલમ ૩ તથા ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટ ની કલમ ૫૧(એ),(બી) તથા એટ્રોસીટી એકટ કલમ ૩(૧)(આર)(એસ), ૩(૨)(૫)(અ) મુજબ.

(૮) અમરેલી તાલુકા પો.સ્ટે. ગુ.ર.નં.૦૩/૨૦૨૧, ઇ.પી.કો. કલમ ૩૩૨, ૩૫૩, ૧૮૬, ૪૨૭, ૩૩૭, ૫૦૪ તથા એમ.વી.એકટ કલમ ૧૭૭, ૧૮૪, તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબ.

(૯) અમરેલી તાલુકા પો.સ્ટે. ગુ.ર.નં.૧૩/૨૦૨૧, ઇ.પી.કો. કલમ ૩૭૯ તથા એમ.એમ.આર.ડી.એકટ કલમ ૨૧ તથા ગુજરાત ખનીજ અધિનિયમની કલમ ૩, ૫, ૧૦ મુજબ.

(૧૦) અમરેલી તાલુકા પો.સ્ટે. ગુ.ર.નં.૭૩/૨૦૨૧, ઇ.પી.કો. કલમ ૩૭૯ તથા એમ.એમ.આર.ડી.એકટ કલમ ૨૧ મુજબ.

(૧૧) અમરેલી તાલુકા પો.સ્ટે. ગુ.ર.નં.૧૦૪/૨૦૨૧, પ્રોહી કલમ ૬૬(૧)બી મુજબ.

(૧૨) અમરેલી તાલુકા પો.સ્ટે. ગુ.ર.નં.૧૦૫/૨૦૨૧, પ્રોહી કલમ ૬૫(એ)(એ) મુજબ.

(૧૩) અમરેલી તાલુકા પો.સ્ટે. ગુ.ર.નં.૨૨૫/૨૦૨૧, પ્રોહી કલમ ૬૬(૧)બી મુજબ.

(૧૪) અમરેલી તાલુકા પો.સ્ટે. ગુ.ર.નં.૨૭૪/૨૦૨૧, ઇ.પી.કો. કલમ ૩૦૭, ૩૫૪(એ)૩, ૧૨૦(બી), ૫૦૪, ૫૦૯, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબ.

(૧૫) અમરેલી તાલુકા પો.સ્ટે. પાર્ટ એ ગુ.ર.નં. ૧૧૧૯૩૦૦૪૨૨૦૨૮૯/૨૦૨૨ આઇ.પી.સી.કલમ ૩૭૯ તથા એમ.એમ.ડી.આર ની કલમ ૨૧ મુજબ

ઉલ્લેખનીય છે કે મજકુર આરોપી મહિપત દીલુભાઇ વાળા રહે.વાંકીયા, તા.જિ.અમરેલીવાળા વિરૂધ્ધ સને ૨૦૨૧ માં એલ.સી.બી. અમરેલી દ્વારા પાસા હેઠળ અટકાયત કરી, ખાસ જેલ પાલરા, ભુજ ખાતે અટકાયતમાં રહેવા મોકલી આપવામાં આવેલ હતો.

ઉપરોકત કામગીરી અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અમરેલી એલ.સી.બી.ના ઇન્ચાર્જ પોલીસ ઇન્સ.શ્રી પો.સ.ઇ.શ્રી તથા એલ.સી.બી. ટીમ દ્વારા કરવામાં આવેલ છે.